 ISSN: 2349-6002

# પોસ્ટકાર્ડ જેટલી (જ) વાર્તા?' વાર્તામાં નિરૂપિત પત્ર-પ્રયુક્તિ

પંડયા ભૂમિબેન આશિષભાઈ

*Research Scholer, MKBU university*
*doi.org/10.64643/IJIRTV12I8-191468-459*

*Abstract*—ટૂંકીવાર્તા સ્વરૂપને સિદ્ધ કરવા માટે ટૂંકીવાર્તાકારો અનેક પ્રયુક્તિઓનો ઉપયોગ કરતાં હોય છે. પત્ર-પ્રયુક્તિ પણ એવી જ એક અસરકારક પ્રયુક્તિ છે. 'પોસ્ટકાર્ડ જેટલી (જ) વાર્તા?' ટૂંકીવાર્તામાં પત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વાર્તાનો કથ્યવિષય જ પત્ર છે. પત્રની જ વાત કરવા માટે અહિ પત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વાર્તા તેમાં પ્રયોજાયેલ પત્રથી તો ધ્યાનાકર્ષક બને છે સાથે તે પત્રમાં પ્રયોજાયેલ ભાષાથી પણ બને છે. આ વાર્તા પત્ર અને બ્લોગ એવા બે પ્રત્યાયનના માધ્યમથી કહેવાઈ છે. આ વાર્તા તેના મૃદ્રિત રૂપથી પણ વાચકોનું ધ્યાન ખેંચે છે. આ વાર્તા વાંચવાની સાથે જોવાની વાર્તા પણ બને છે. તેમાં બે વિરોધાભાસી ભાષા, પાત્રો દ્વારા એક ચિત્ર ઊભું કરે છે. પત્ર-પ્રયુક્તિની સાથે અહિ સહોપસ્થિતીની યુક્તિ પણ યોજવામાં આવી છે. 'પોસ્ટકાર્ડ જેટલી(જ) વાર્તા?' ટૂંકીવાર્તા વાર્તાસંગ્રહ 'પોલિટેક્નિક'માં સમાવિષ્ટ છે. 'પોલિટેકનિક' વાર્તાસંગ્રહના લેખક શ્રીમહેન્દ્રસિંહ પરમાર છે. તેઓ મુખ્યત્વે વાર્તાકાર અને નિબંધકાર છે. આ લેખકની વાર્તાઓના વિષય જેટલા આકર્ષક છે તેટલા જ પ્રમાણમાં તે રચનારીતિને લઈને ધ્યાનાર્હ છે. આ લેખક પાસેથી 'રખડુનો કાગળ' નામનો નિબંધસંગ્રહ પ્રાપ્ત થાય છે. 'પોસ્ટકાર્ડ જેટલી (જ) વાર્તા?' એક પ્રયોગશીલ ટૂંકીવાર્તા છે. આ વાર્તામાં નિરૂપિત પત્ર-પ્રયુક્તિ વિષે ચર્ચા કરવાનો અહિ ઉપક્રમ છે. આ વાર્તાનો વિષય જ પત્ર છે તેથી અહિ પત્ર-પ્રયુક્તિ વાર્તાને અસરકારક બનાવવામાં વધુ ઉપયોગી બની છે

'પોસ્ટકાર્ડ જેટલી (જ)?'ટૂંકીવાર્તામાં ૧૧ પોસ્ટકાર્ડ મૂકવામાં આવ્યાં છે. આ પોસ્ટકાર્ડ જે-તે રૂપમાં અને બ્લોગ પણ કમ્પ્યુટરમાં કે મોબાઇલ ફોનમાં જે રીતે દૃશ્યમાન હોય છે એ જ રીતે અહિ મુદ્રિત કરવામાં આવ્યાં છે. જેનાં કારણે આ વાર્તા વાંચવાની સાથે જોવાની વાર્તા પણ બની છે. આખી વાર્તા બ્લોગ અને પોસ્ટકાર્ડમાં જ આગળ વધે છે. જે કહેવાયું છે તે પોસ્ટકાર્ડ અને બ્લોગમાં જ કહેવાયું છે અન્યત્ર ક્યાંય કથકની ઉપસ્થિતિ નથી. કથાનો દોર પોસ્ટકાર્ડ અને બ્લોગ મારફત જ આગળ વધે છે. કથનની આ આગવી રીત અહિ જોઈ શકાય છે. પ્રત્યાયનનાં આ બે માધ્યમો થકી જ ચિત્રાંગ અને તેના મિત્રનું વ્યક્તિત્વ, તેમની મિત્રતા ભાવક સુધી પહોંચે છે. તત્કાળ સંદેશો પહોંચાડતા આધુનિક સાધનોના સમયમાં પણ આપણે કેવાં પ્રત્યાયનહીન છીએ - તેની ઝાંખી આ ટૂંકીવાર્તા કરાવે છે. ચિત્રાંગ સુધી ઘણા લાંબા સમય સુધી તેનાં મિત્રએ લખેલા પોસ્ટકાર્ડ પહોંચતાં નથી. પહોંચે છે ત્યારે એક રીતે જોઈએ તો ઘણું બધું પહોંચે છે પણ સમયસર પહોંચતું નથી. બ્લોગમાં તત્ક્ષણ બધું પહોંચી જાય છે છતાં જાણે કે કશું નથી પહોચતું. આમ બ્લોગ અને પત્ર એ બંન્ને પ્રત્યાયનના માધ્યમોને પાસપાસે મૂકી juxtapose(સહોપસ્થિતિ) વડે એક ત્રીજું જ ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે. તેમાંથી માનવજીવનનો એક તૂટેલો તંતુ મળી આવે છે. પોસ્ટકાર્ડ અને બ્લોગ બંનેની ભાષા તદ્દન સામસામેના છેડાની છે. બ્લોગની ભાષા લિંગ, વચન, કાળ એવા વ્યાકરણના નિયમોનું ઉલ્લંઘન કરતી ભાષા છે જ્યારે પોસ્ટકાર્ડની ભાષા એટલી જ ભાવમય,

આલંકારિક, સાહિત્યિક સંદર્ભોથી ભરેલી છે. વાર્તાની શરૂઆતમાં જ ભાષાના આવા જુદાં-જુદાં બે પોત આપણે અનુભવી શકીએ છીએ. જુઓ,

'હવે, આ મારા હાથમાં જે bunch આવી એને ફરી-ફરી ઉકેલવાનું કોશિશ કર્યું. સૉરી, કરી! સાઉથમાં રહી-રહીને આવું થઈ ગયું છું. નર જાતિ, નારી જાતિ, લિંગ, વચન.... બધ્ધું આ પોસ્ટકાર્ડિયા દોસ્ત સાથે રહીને ભણ્યો હતો. એક બેંચ પર બેસીને. આખ્ખી દુનિયા આંગળીને ટેરવે ટકાટકી ને કીસાકીસી કરે છે. ને આ સાલો ખડુસ.....' (પૃ.૮૨)

'મેળાનો થાક લાગી શકે છે... લાગતો પણ હોય છે... પણ લખવાનો થાક નથી લાગતો. લખવાનું હોય પણ શું? પોસ્ટકાર્ડ જેટલી વાતો! ખબર હોય કે તારા સુધી નહીં જ પહોંચે.. ખાતરી હોય કે ક્યારેક તો તારા સુધી પહોંચશે. ઋતુઓના રંગ, ફૂલોની ગંધ, પંખીઓનો કલશોર, આકાશ તારા, સમુદ્રો, નદીઓ... આ હમણાં ઊડે છે તે શકકરખોર, આપણાં પોતાના સૂર્યોદયો આપણાં એકલાનો ચાંદો...'

બ્લોગની ભાષા જેટલી ઉશ્કેરનારી છે એટલી જ પોસ્ટકાર્ડની ભાષા શાતા આપનારી છે. આવી જુદી જુદી બે ભાષાનો ઉપયોગ કરીને લેખકે બે જુદાં જુદાં યુગને આપણી સામે મૂકી આપ્યા છે. જેમાં, પત્ર-પ્રયુક્તિ કારગત નીવડી છે.

આ વિરોધાભાસી ભાષા વચ્ચેથી પણ એક ભૂંસાતાં જીવનની, વિસરાતી સંવેદનાનો સૂર ભાવક સુધી પહોંચે છે. એ વેદના-સંવેદના માત્ર ચિત્રાંગ અને તેના મિત્રની ન બની રહેતાં દરેક સંવેદનશીલ મનુષ્યની બની જાય છે. પોસ્ટકાર્ડ લખાતાં બંધ થયાં તો શું લખાતું બંધ થઈ ગયું? શું પહોચતું બંધ થઈ ગયું? માનવજીવનમાંથી એક પોસ્ટકાર્ડની બાદબાકી થઈ તો ખરેખર શેની બાદબાકી થઈ?- એના લેખાંજોખાં વાર્તાકાર અહિ માંડે છે. ત્રાજવામાં મુકાયાં છે – બે પ્રત્યાયનનાં માધ્યમો, બે મિત્રો અને બે જુદાં-જુદાં સ્તરની ભાષા. તેમાંથી ભાવકે પોતે નક્કી કરવાનું છે કે આપણે ખરેખર કયું સંવેદન ગુમાવ્યું છે! આ વાર્તામાં પણ વાર્તાકારે એક પોસ્ટકાર્ડમાં રમેશ પારેખની પંક્તિઓ મૂકી છે –

'પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર?

એટલે કે ઝાડમાંથી શું ગયું? કોને ખબર?' (પૃ. ૮૮)

આ ટૂંકીવાર્તામાં આવતા પોસ્ટકાર્ડ આવાં જ બીજા સાહિત્યિક સંદર્ભોથી ભર્યા-ભર્યા છે. જેમ કે, '

- 'પણ માંડેલી વાર્તાનું શું?' (પૃ. ૮૬)
- 'ચાર પાંચ દિ' એકધારો અલી ડોસાની જેમ –(પાછો સર્ચ ન મારતો) (દસમાં ધોરણમાં પોસ્ટઓફિસનો 'પાઠ' આવતો'તો યાદ કરજે) – જઈને ઉભો રહું કદાચ ને પાછી આવી ગઈ હોય!' (પૃ.૮૬)
- 'ટપાલપેટી ક્યાં ગઈ એ તો કોઈ કહેતું નથી.' (પૃ.૮૭)
- 'જો કે આ રમકડું મંદિરમાં મૂકવા જેવુ છે નહીં...! મીરાંને જડેલું અને આ આપણાં લમણે લખાયું છે – બેયમાં કેટલો ફેર!'

આ સિવાય ચિત્રાંગે જે ત્રણ પોસ્ટકાર્ડ બ્લોગ પર મૂક્યાં નથી તેમાં 'સળગતાં સૂરજમુખી'નાં 'વાનગૉઘ'નો પણ સંદર્ભ આવે છે તેવું તેણે બ્લોગમાં લખ્યું છે. આ પરથી પત્રનો લખનાર સાહિત્ય રસિક માલૂમ પડે છે. આ સંદર્ભો વાર્તાના ભાવને વધુ ઘેરો બનાવે છે. તેની પોસ્ટકાર્ડ પહોંચાડવાંની તલબ, પોસ્ટકાર્ડ પહોંચતું નથી તેની વેદનાનો ચિતાર આ સંદર્ભોથી વધુ પ્રતીતિકર બન્યો છે. તેનો લખનાર એટલી જ તીવ્ર સંપ્રજ્ઞતા ધરાવનારો છે. કેમ કે, ઋતુઓમાં થતાં પરીવર્તન, ફૂલોની ગંધ ને પંખીઓનો કલશોર આ બધું જ તેને સ્પર્શે છે. પોતાની આસપાસ થતી નાનામાં નાની હલચલ તરફ પણ તે બેધ્યાન નથી. જીવન જેના માટે ઉત્સવ છે, જે પ્રકૃતિના દરેક રૂપને આકંઠ પીનાર છે – આવું જીવંત વ્યક્તિત્વ આ પોસ્ટકાર્ડ લખનારનું છે. અને પોતે માણેલી દરેક ક્ષણને તે પોતાનાં મિત્ર સુધી પહોંચાડવાં માટે તે પોસ્ટ્કાર્ડ લખે છે. એની પાસે પોસ્ટકાર્ડ લખવાં સિવાય બીજો કોઈ વિકલ્પ નથી એવું પણ નથી.તેણે પોતાના મિત્ર સુધી પહોચવાં માટે પોસ્ટકાર્ડને પસંદ કર્યું છે. તેનાં મિત્ર ચિત્રાંગે મોકલેલો મોબાઈલ ફોન

 ISSN: 2349-6002

તેની સામે જ છે – જેનાથી તે તુરંત જ તે ચિત્રાંગ સાથે સંપર્ક સાધી શકે પણ તે પોસ્ટકાર્ડ લખે છે. પોતાને જે કહેવું એના માટેનું યોગ્ય માધ્યમ તેને પોસ્ટકાર્ડ જ લાગ્યું છે.

આ વાર્તામાં આવતાં પોસ્ટકાર્ડની ભાષા કાવ્યાત્મક, ભાવમય, આલંકારિક અને સાહિત્યિક સંદર્ભોથી ભરેલી છે. પોસ્ટકાર્ડ અને બ્લોગની ભાષાને અનેક રીતે તપાસવા જેવી છે. બંને ભાષાની તુલનાથી જ કૃતિના ઘણા અર્થઘટનો મળી શકે તેમ છે. અહિ આપણે વાર્તામાં આવતાં પત્રોની ભાષાને તપાસીએ. આ વાર્તામાં આવતાં પત્રોમાં એવા અનેક સ્થાનો છે, જેમા કાવ્યમય ભાષાનો ઉપયોગ થયેલો છે. એ ભાષાના અમુક ચમકારાઓ આપણે જોઈએ.

- 'આ સહજ સ્પર્શું અહીં, ઢગ ત્યહીં પુષ્પો ખરે... સમય રહે કે ન રહે... એ તો ખરતા રહેશે.. હું ખરી જઈશ પછી પણ...' (પૃ.૮૩)
- 'જમણી તરફનું આકાશ હવે લાલમાંથી સોનેરી થઈ ગયું.' (પૃ.૮૪)
- 'મારી બા પોસ્ટકાર્ડ લખતી. ...............હા, બા પોસ્ટકાર્ડ લખતી, લખતી એટલે હવે નથી લખતી. લખતી ત્યારે મથાળે આવું અચૂક લખતી..' (આ 'લખતી' શબ્દ ભાષાને એક લય આપે છે.) (પૃ.૮૫)
- વ્હેલી સવારે ક્યાંકથી કોયલના આછા ટહુકા ને 'ટુ...ક...ટુ...ક...' ટુકટુકિયો બપોરે ક્યાંકથી 'સ્વરતંતુના બખિયાં ભરતાં હોય છે.' (પૃ.૮૮)
- 'અલંગનાં ભાંગેલાં વહાણના ભંગાર વચ્ચે આ 'કાગળની નાવ' ક્યાંક ઠેબાતી હશે...! અને આ 'પીળું' પ્રવાસી ચત્તુપાટ પડયું છે.' (પૃ.૮૮)
- 'આમ કશું મોટું મોટું ને ભારે ભારે નથી હોતું જીવનમાં...પણ નાની નાની વાતોનો પાર નથી....'(પૃ.૯૦)
- 'અમથો એક કાળો કોશી તાર પરથી ઊડે ને તો ય વૃંદાવન વૃંદાવન' (પૃ.૯૦)
- 'ત્યાંય કપાસનો છોડ ખેંચાયો હોય એવી આડી પડેલી ચત્તીપાટ!' (પૃ.૯૩)

આવી કાવ્યાત્મક ભાષા પ્રયોજીને લેખકે પત્રના માધ્યમનો પણ મહિમા વધાર્યો છે. ચિત્રાંગને તેનાં મિત્રનું એક પોસ્ટકાર્ડ મળ્યું અને તેટલા માત્રથી તે ફ્લાઇટ પકડીને પોતાના મિત્રને મળવા દોડી જાય છે. તેને તેનો મિત્ર તો મળતો નથી પણ તેને જ મોકલવા માટે લખેલાં ઘણા બધા પોસ્ટકાર્ડ તેને મળી આવે છે. તે આ પોસ્ટકાર્ડ પોતાના બ્લોગ પર મૂકે છે. બ્લોગ પર પોસ્ટકાર્ડ મૂકવાની આ આખી પ્રક્રિયાની આ વાર્તા છે. વાર્તાને અંતે આપણે જોઈ શકીએ છીએ તેમ ચિત્રાંગ પોતે બ્લોગને ડિલીટ કરીને પત્ર લખવાની પ્રતિજ્ઞા લે છે. તેની ભાષામાં પણ સુધાર જોઈ શકાય છે. જે આ પોસ્ટકાર્ડને લીધે શક્ય બન્યું છે. ચિત્રાંગના મિત્રનું નામ અહિ ક્યાંય દર્શાવવામાં નથી આવ્યું જેથી આ વાત માત્ર કોઈ એક પાત્રની ન બની રહેતાં પોસ્ટકાર્ડ લખનારા દરેક વ્યક્તિ સુધી વિસ્તાર પામે છે.

આ વાર્તામાં પત્ર-પ્રયુક્તિ અનેક રીતે ઉપયોગી બની છે. લેખકને પોસ્ટકાર્ડ જેવા વિસરાતાં માધ્યમની અને તેની સાથે જોડાયેલા સંવેદનોની વાત અહિ કરવી છે-એ કહેવામાં પત્ર-પ્રયુક્તિ ઉપયોગી બની છે. આખી વાર્તામાં કોઈ અન્ય કથકની હાજરી નથી. પત્ર અને બ્લોગ જ કથકની ગરજ સારે છે. મુદ્રિતરૂપમાં મુકાયેલાં પત્રો ભાવક પર ઘેરી અસર છોડી જાય છે. ચિત્રાંગ તેના મિત્રના ઘરે પહોંચે છે પણ તે મળતો નથી અને ક્યાં હશે કે પછી મળે છે કે નહીં તેનો કોઈ ઉલ્લેખ લેખકે કર્યો નથી. તે બધું અધ્યાહાર રાખીને લેખક આ કોઈ એક પાત્રની નહીં પરંતુ આથમતા આખા એક યુગની વાત છે- તે તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. અહિ મુકાયેલાં પોસ્ટકાર્ડમાંથી શરૂઆતના બે પોસ્ટકાર્ડને બાદ કરતાં બીજા પોસ્ટકાર્ડમાં પોસ્ટકાર્ડ નથી પહોંચતાં તે વાત જ ઘૂંટાઈ છે. શાં માટે નથી પહોંચતાં, કંઈ વ્યવસ્થા એમાં જવાબદાર હશે એ બધી ચર્ચાઓ થઈ છે. એ ચર્ચામાં કોમવાદને લીધે થતાં સંઘર્ષોની વાત પણ આવે છે. એ બધાની વચ્ચે આ પત્ર

 ISSN: 2349-6002

લખનાર પોતાના મિત્ર સાથે સંવાદ સાધવાનો પ્રયત્ન કરે છે. બંને પાત્રો વચ્ચેની આ પ્રત્યાયન વગરની સ્થિતિ અને તેમાંથી ઊઠતી વેદના દરેક આધુનિક મનુષ્યની છે. યુગ જેટલો ઝડપી થયો છે તેમાં માનવસંવેદના જ વિસરાતી જાય છે.

આ વાર્તાની સ્વરૂપસિદ્ધિમાં પણ પત્ર-પ્રયુક્તિ કારગત નીવડી છે. પત્રની વાત કરવા માટે અહિ પત્રોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વાર્તામાં બ્લોગનો પણ ઉપયોગ થયો છે પરંતુ, તે પણ પત્રના મહત્વને ઉપસાવવા માટે થયો છે. વાર્તાઓમાં પત્રનો ઉપયોગ થયો હોય પરંતુ, હરેક સમયે તે પ્રયુક્તિ બને જ એવું થતું નથી હોતું. આ વાર્તામાં પ્રયોજાયેલ પત્ર, પ્રયુક્તિ બને છે.

સંદર્ભગ્રંથ

-'પોલિટેકનિક' – મહેન્દ્રસિંહ પરમાર, નવજીવન પ્રકાશન, પુનર્મુદ્રણ સપ્ટેમ્બર ૨૦૨૩